For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સમા વિસ્તારમાં પાણી માટે મહિલાઓનો ઉગ્ર મોરચો

પાણીની તંગીથી પીડાઈ રહેલા વિસ્તારમાં મહિલાઓનો વિરોધ

પોલીસ અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ, 10 જેટલા લોકોની અટકાયત

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરામાં ઉનાળાની શરૂઆત સાથે જ પાણીની તંગી ગંભીર રૂપ લેતી જાય છે. શહેરના અનેક વિસ્તારોમાં પાણી પુરવઠો વિક્ષેપગ્રસ્ત થતા નાગરિકોએ આક્ષેપ લગાવ્યા છે કે સંસ્થાઓ તરફથી યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. આવા સંજોગોમાં આજે શહેરના સમા વિસ્તારમાં પાણીના મુદ્દે ઘેરો ઉગ્ર બન્યો હતો. વોર્ડ નં. 2માં છેલ્લા ઘણાં સમયથી પાણીની અછતનો સામનો કરી રહેલા રહીશોએ કોર્પોરેશન સમક્ષ અનેક વખત રજૂઆત કરી હતી. છતાં સમસ્યાનું કોઈ મક્કમ ઉકેલ ન આવતા મહિલાઓએ આજે મોટાપાયે એકત્રિત થઈ મોરચો કાઢવાનો પ્રયાસ કર્યો. પરંતુ, પોલીસ તરફથી પૂર્વ મંજૂરી ન હોવાથી મોરચાને અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેના કારણે મહિલાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ અને ઝપાઝપીના દૃશ્યો સર્જાયા. ઘટનાની ગંભીરતા વધતા મહિલા પોલીસના દળને બોલાવી 8 થી 10 મહિલાઓને ડીટેન કરવામાં આવી હતી.

હાલત બગડી ન જાય તે માટે પોલીસે તાત્કાલિક વધુ બંદોબસ્ત તહેનાત કર્યો હતો. બીજી બાજુ, આ ઘટનાથી નારાજ સ્થાનિકોએ આક્ષેપ કર્યો કે, "પાણી આપવું સરકાર અને કોર્પોરેશનની જવાબદારી છે. અમારી સાથે હુકમશાહીરૂપ વર્તન શા માટે?" આ ઘટનાથી ઉગ્ર સ્થિતિ સર્જાઈ છે અને હવે મોટે ભાગે લોકો એ માંગ ઉઠાવી છે કે તાત્કાલિક પાણી સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે, નહીં તો વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. સ્થાનિક તંત્રે આ મામલે તપાસ શરૂ કરી છે અને પાણી પુરવઠો નિયમિત બનાવવા માટે જરૂરી પગલાં લેવાની વાત કરી છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર કેટલી ઝડપે અને અસરકારક રીતે કામ કરે છે.

કોર્પોરેટર મહાવીરસિંહ રાજપુરોહિતનો હસ્તક્ષેપ : સમા વિસ્તારમાં ટૂંક સમયમાં શરૂ થશે પાણી લાઇનનું કામ

સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલી લો પ્રેશર પાણીની સમસ્યાને લઈને કાઉન્સિલર મહાવીરસિંહ રાજપુરોહિતે મહત્વપૂર્ણ માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે, આ મુદ્દે જાન્યુઆરી મહિનામાં જ જવાબદાર અધિકારીઓને લેખિતમાં સૂચન કરવામાં આવ્યું હતું. હવે ટૂંક સમયમાં જ પાણીની લાઇનની કામગીરી શરૂ થશે. આ પગલાથી વિસ્તારમાં રહેતા નાગરિકોને આરામ મળશે અને પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવાશે. રાજપુરોહિતે વિસ્તરણ નગરજનોને આશ્વસ્ત કરતા કહ્યું કે, પાણી જેવી મૂળભૂત સુવિધા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છીએ અને આગામી સમયમાં ચોક્કસથી તેનું નિરાકરણ આવી જશે.

ઉનાળાની શરૂઆત સાથે શહેરમાં જ પાણીનો કળકટો, મહિલાઓનો પાલિકા ખાતે મોરચો

આજવા રોડની કાન્હા સિટીમાં છ માસથી ચાલી રહેલી પાણીની તંગી સામે મહિલાઓએ અવાજ ઉઠાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરમાં ઉનાળાની શરૂઆત સાથે જ પાણીનો કકળાટ ભારે બનતો જાય છે. આજવા રોડ સ્થિત કાન્હા સિટીમાં રહેતી મહિલાઓએ પાણીની સમસ્યાને લઈ આજે પાલિકા ખાતે મોરચો કાઢ્યો. છેલ્લા છ મહિનાથી સતત પાણીની અછતનો સામનો કરવી રહેલી આ સોસાયટીના રહેવાસીઓ હવે ટેન્કરો પર નિર્ભર બન્યા છે. રોજિંદા જીવનમાં પડતી અસુવિધાઓ અને પાણી માટે થતી ધક્કામૂકીથી ત્રસ્ત મહિલાઓએ મળીને પાલિકા અને કાઉન્સિલરો સામે રોષ વ્યક્ત કર્યો. તેમનું કહેવું છે કે અનેક વખત રજૂઆત કરવામાં આવી છતાં કોઈ સકારાત્મક પગલાં લેવાતા નથી.

સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું કે તેઓ ટેન્કરો દ્વારા પાણી મંગાવવાનો ખર્ચ પણ પોતે જ ઉઠાવી રહ્યા છે, જેને કારણે આર્થિક દબાણ વધી રહ્યું છે. મહિલાઓની માંગ છે કે તાત્કાલિક પાણી પુરવઠાની વ્યવસ્થા કરવામાં આવે અને લાંબા ગાળાનો સ્થાયી ઉકેલ લાવવામાં આવે જેથી આવનારા દિવસોમાં વધુ મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી પણ આવું જ પગથિયું લેવાતું જોવા મળ્યું છે, જે વડોદરામાં પાણીના પ્રશ્નની ગંભીરતાને દર્શાવે છે.

માનતા રાખનાર વિઠ્ઠલ નાથજી મંદિર પૂજારીના સમર્થનમાં શહેર કોંગ્રેસ

વારસાને બચાવવા ખુલ્લા પગે તપસ્યા મહંતના સંકલ્પ બાદ તંત્ર હરકતમાં

કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોની અટકાયત કરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

શહેરમાં છેલ્લા અઠ્ઠાવીસ વર્ષો થી ભારતીય જનતા પાર્ટીનું એકહથ્થુ શાસન છે અહીં દર તહેવારો પર પ્રશાસન દ્વારા શહેરની હેરિટેજ ઈમારતો પર રોશની,લાઇટીગ કરવામાં તો આવે છે પરંતુ ઐતિહાસિક ઈમારતોની જાળવણી અને નિભાવણી મુદ્દે તંત્ર ગંભીર નથી જેના કારણે આજે લહેરીપુરા દરવાજો હોય કે પછી તાબેરકરવાડાની ઐતિહાસિક ઈમારત હોય તેની અવદશા જોવા મળી રહી છે ત્યારબાદ હવે માંડવી ચાર દરવાજા ની ઐતિહાસિક ગાયકવાડી શાસન સમયની ઈમારતના પિલ્લરના કાંગરા અચાનક ખરવા લાગ્યા છે અગાઉ જ્યારે તિરાડો પડી ત્યારથી વિઠ્ઠલ નાથજી મંદિરના મહારાજે રજૂઆતો કરી હતી પરંતુ ત્યારબાદ ગત માર્ચમાં થોડા પોપડા ઉખડી ગયા ત્યારે પાલિકા તંત્ર દ્વારા માત્ર ટેકા ગોઠવી સંતોષ માન્યો હતો ત્યારે હવે પિલર નો મોટો ભાગ ધરાશાયી થયો છે અને વિઠ્ઠલનાથજી મંદિરના પૂજારી હરિઓમ વ્યાસજીએ જ્યાં સુધી રિસ્ટોરેશનની કામગીરી નહીં થાય ત્યાં સુધી કાળઝાળ ગરમી હોય કે વરસાદમાં ચપ્પલ વિના ખુલ્લા પગે દરરોજ દર્શન કરવા અને પગરખાં નહીં પહેરવાના પ્રણ લીધા છે ત્યારે વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા આજે પ્લેકાર્ડ્સ સાથે હેરિટેજ ઈમારત બચાવવા માંડવી ચાર દરવાજા પહોંચ્યા હતા જ્યાં કેટલાક ભાજપના સભ્યો દ્વારા અપશબ્દો બોલી વોટબેંકની રાજનીતિ ગણાવતા ચકમક ઝરી હતી સાથે જ પોલીસ દ્વારા અહીં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો ની અટકાયત કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજવી પરિવારે પણ વડોદરા પાછું આપો તેવી ટકોર કરવી પડી છે છતાં તંત્ર દ્વારા હેરિટેજ ઈમારતો ની જાળવણી કરવામાં આવી નથી ફક્ત વિકાસના નામે ફ્લાયઓવર બ્રિજ, અન્ય ખર્ચાઓ કરવામાં આવે છે જેના કારણે ગાયકવાડી શાસન સમયની ઐતિહાસિક ધરોહર સમી ઈમારતો અને જૂની ઓળખ ધીમે ધીમે લુપ્ત થવા બેઠી છે.

શહેરની હેરિટેજ ઇમારતને બચાવવા માંડવી ખાતે પ્લેકાર્ડ્સ સાથે વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા દેખાવો યોજવામાં આવ્યા હતા.

માંડવી દરવાજાના પોપડા ખર્યા પછી તંત્ર હરકતમાં, હવે પુરાતત્વ વિભાગે જવાબદારી સંભાળી

વડોદરાની ઐતિહાસિક ધરોહર ગણાતી માંડવી દરવાજાની હાલત દિનપ્રતિદિન વધુ જર્જરિત બની રહી છે. તાજેતરમાં પિલરના પોપડા ખસી પડ્યા બાદ સ્થાનિક સ્તરે ચિંતા વધી હતી. આજે પહેલીવાર આ ઘટનાને ગંભીરતાપૂર્વક લેતાં પુરાતત્વ વિભાગની ટીમ સ્થળ પર આવી અને દરવાજાની સ્થિતિનું નિરીક્ષણ કર્યું. વિશેષ છે કે, વડોદરાની આ વારસાગત સાંસ્કૃતિક ઈમારતના રક્ષણ માટે લાંબા સમયથી માંગ ઊઠતી રહી છે. પરંતુ જ્યારે પિલર પરથી પોપડા ખર્યા અને માળખું નુકસાની તરફ જઈ રહ્યું છે ત્યારે તંત્ર જાગ્યું છે. સ્થાનિક મહંતે આ હરફને આગળ ધપાવતા ખુલ્લા પગે તપસ્યા શરૂ કરી અને પોતાનાં પગરખાં ત્યજી વિરોધ નોંધાવ્યો હતો. બે દિવસના આ ઉગ્ર પ્રદર્શન બાદ આખરે તંત્ર હરકતમાં આવ્યું છે. પુરાતત્વ વિભાગના એક્સપર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, "જલ્દી સોલ્યુશન ન લવાયું તો આ ઐતિહાસિક ધરોહર કાયમ માટે ખોવાઈ શકે છે." તેમણે દરવાજાના પિલર, દિવાલ અને છતની સ્થિતિ ચકાસી અને તાત્કાલિક મરામત જરૂરી હોવાનું માન્યું.

માંડવી ઇમારતના સંરક્ષણ માટે ડૉ હેમાંગ જોશી અને બાલકૃષ્ણ શુક્લનો સંકલ્પબદ્ધ પ્રયાસ

કોંગ્રેસ દ્વારા આયોજિત ધરણા પ્રદર્શન પછી, શહેરની શાન ગણાતી માંડવી ઇમારતના રક્ષણ માટે મજબૂત પગલાં લેવામાં આવ્યા છે. આ દિશામાં નોંધપાત્ર ચેતના દર્શાવતાં સાંસદ ડો. હેમાંગ જોશી તથા હેરિટેજ ઇમારતોના રક્ષણ માટે સતત પ્રયત્નશીલ ધારાસભ્ય બાળકૃષ્ણ શુક્લાએ શ્રી વિઠ્ઠલનાથજી મંદિરના મહંત હરીઓમ વ્યાસની મુલાકાત લીધી હતી. મહંત હરીઓમ વ્યાસે પગરખાં વગર આંદોલન કરીને માંડવી ઇમારતના સંરક્ષણ માટે આગેવાની આપી છે. આ મુલાકાત દરમિયાન સાંસદ ડો. હેમાંગ જોશીએ ખાતરી આપી હતી કે માંડવી ઇમારતનું કાર્ય વહેલી તકે પૂર્ણ કરાશે. તેમણે જણાવ્યું કે, "માંડવી ઇમારત માત્ર ઇમારત નથી, પરંતુ વડોદરાની સંસ્કૃતિ અને વારસાનું પ્રતિક છે." ઇમારતના જર્જરિત પિલરોનું પ્રાથમિક સમારકામ શરૂ કરવામાં આવ્યું છે અને પુરાતત્વ વિભાગ સાથે ચર્ચા પણ ચાલી રહી છે. જલ્દી જ સમારકામ કાર્ય સંપૂર્ણ રીતે શરૂ કરવામાં આવશે.

અમરનાથ યાત્રાના રજિસ્ટ્રેશનના ટોકન લેવા શ્રદ્ધાળુઓની બેન્ક બહાર લાઈન

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

ચારધામ અને અમરનાથ યાત્રા હવે શરૂ થવાની છે. ત્યારે વડોદરાના સરદાર ભુવન ખાંચા બહાર આવેલ પંજાબ નેશનલ બેંકમાં રજીસ્ટ્રેશન માટેના નાણા ભરવા માટે ભક્તોની લાઈનો પડી હતી. દરરોજની માત્ર 100 ટોકન આપવામાં આવતા ભક્તો એ વહેલી સવારે 06:00 વાગ્યાની લાઈનો લગાવી હતી.

અમરનાથ યાત્રાના રજીસ્ટ્રેશન માટે નાણા ભરવા માટે પંજાબ નેશનલ બેંક આવ્યા હતા. બેંક દસ કલાકે ખુલતી હોવા છતાં પણ યાત્રાળુઓ રજીસ્ટ્રેશન કરાવવા માટે વહેલી સવારના બેંક ખાતે પહોંચી ગયા હતા. કારણકે માત્ર દરરોજના 100 ટોકન આપવામાં આવી રહ્યા છે. 10:00 વાગે બેન્કના કપાટ ખૂલ્યા હતા. જ્યારે બેંક બહાર જ કેટલાક ભક્તોએ હર હર મહાદેવના નારા લગાવ્યા હતા. ટોકન લેનાર ડિમ્પલબેન ગોસ્વામીએ જણાવ્યું હતું કે અમે સવારના છ વાગ્યાના અહીંયા ટોકન લેવા માટે આવી ગયા હતા. અમરનાથ જવા માટેની રજીસ્ટ્રેશન કરવા માટે અહીં આવ્યા હતા. દરરોજ ટોકન જ આપવામાં આવે છે. જ્યારે અન્ય કાજલ મોજીત્રાએ જણાવ્યું હતું કે, અમરનાથ જવા માટે ટોકનની લાઈનમાં ઉભા રહ્યા હતા. 6:30 થી 7:00 વાગ્યા સુધીમાં મે અહીં આવ્યા હતા. અમારી આગળ ઘણા કલાકોથી આવીને ઊભા હતા.

કરોડોના પ્રોજેક્ટ છતાં પણ સુરક્ષાની ગેરંટી કેમ નહીં?

વિશ્વામિત્રી પ્રોજેક્ટની વિશ્વસનીયતા પર પ્રશ્નચિહ્ન

ચોમાસા પહેલા 200 તરાપાની ખરીદીથી ઊઠ્યા સવાલો

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા મહાનગર પાલિકા દ્વારા ચોમાસા પહેલા 200 જેટલા તરાપાની ખરીદી ચર્ચાનો વિષય બની છે. એક તરફ રાજ્ય સરકારે વિશ્વામિત્રી નદીની સફાઈ અને પુનરુત્થાન માટે 1200 કરોડ રૂપિયાનું વિશાળ અનુદાન આપ્યું છે, ત્યારે આ કદમથી એ દ્રષ્ટિએ અનેક સવાલો ઉભા થયા છે કે શું પાલિકાને પોતાના જ કાર્યક્ષમ પ્રોજેક્ટ પર વિશ્વાસ નથી? વિશ્વામિત્રી પ્રોજેક્ટ અંતર્ગત નદીની ઊંડી અને પહોળી કરવી, કાંસોની સફાઈ અને નદીકાંઠાના વિસ્તારોનું વિઝનરી વિકાસ ચાલુ છે. કરોડોની રકમ ખર્ચ થઈ રહી છે, છતાં વિપત્તિ નિવારણ માટે પાલિકા તરફથી તરાપા ખરીદવા જેવી તજવીજ જોઈને લોકો ચકિત છે.

મળતી માહિતી મુજબ આ તરાપા અલગ-અલગ વોર્ડમાં વિતરણ માટે તૈયાર કરાઈ રહ્યા છે. આમ, જો પાણી ભરાવાની સ્થિતિ ઉભી થાય તો તાત્કાલિક રાહત આપવા માટે આ પગલું લેવાયું છે એવું માનવામાં આવે છે. પરંતુ, આમ કરવાથી પાલિકા દ્વારા ચાલી રહેલા પ્રોજેક્ટની કાર્યક્ષમતા પર સવાલ ઊઠે છે. જાહેરમાં ચર્ચાઈ રહ્યું છે કે જો સરકાર દ્વારા ફાળવવામાં આવેલા કરોડોના બજેટ છતાં શહેર પૂરમુક્ત ન થઈ શકે, તો શહેરીજનોને પણ પોતાના ઘરમાં તરાપા રાખવાની તૈયારી રાખવી પડશે.

તરાપામાં તંત્રનો ભરોસો : ડો. શીતલ મિસ્ત્રીના સૂચન પર હવે પગલાં?

વડોદરા મહાનગર પાલિકા દ્વારા ચોમાસા પૂર્વે 200 જેટલા તરાપાની ખરીદીને લઈને ચર્ચા થઈ રહી છે. જ્યારે રાજ્ય સરકાર વિશ્વામિત્રી પ્રોજેક્ટ માટે રૂ. 1200 કરોડના અનુદાનની જાહેરાત કરી રહી છે, ત્યારે આ તરાપાવાળી દરખાસ્ત સામે ગંભીર સવાલો ઊભા થાય છે, શું પાલિકાને પોતાની નદી સફાઈ અને પૂર નિયંત્રણની યોજનાઓ પર જ વિશ્વાસ નથી? એવું લાગી રહ્યું છે કે નદીમાં પુર આવે તો પાલિકા પહેલેથી લોકોના હાથમાં "તરાપા" આપીને જવાબદારીમાંથી હાથ ખેંચી લેવા માગે છે. આ વિવાદિત વિચારના મૂળમાં છે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ડો. શિતલ મિસ્ત્રીનું જૂનું નિવેદન, જ્યાં તેમણે લોકોને દોરડા, ટ્યુબ અને તરાપા વસાવી લેવાનું સૂચન કર્યું હતું. ત્યારે એ વાત લોકો માટે ઉપહાસનો વિષય બની પણ હવે જ્યારે શહેરી તંત્ર એજ વાતને અમલમાં મૂકી રહ્યું છે, શહેર હજુ આખું ઉઘાડું છે, નદીની સફાઈ અધૂરી છે, ડ્રેનેજ સિસ્ટમ ક્ષમતા બહાર છે અને આ બધાની વચ્ચે તંત્ર "તરાપા ખરીદી"ને ઉકેલ માની રહ્યું છે.

શહેરમાં મહત્તમ તાપમાન 39.8 ડિગ્રી, ભેજથી લોકો ત્રાહિમામ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

શહેરમાં મંગળવારે મહત્તમ તાપમાનમાં 1ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો જેના કારણે મહત્તમ તાપમાન 39.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું પરંતુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતાં શહેરીજનોએ ઉકળાટનો અનુભવ કરવો પડ્યો હતો.

પવનની દિશામાં પરિવર્તન આવવાને કારણે તા. 15 થી 17 એપ્રિલ દરમિયાન ફરી એકવાર ગરમીનો પારો 40ડિગ્રી કે તેથી પાર જશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ત્રણ દિવસ ફરીથી ગરમીનું મોજું રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે ખાસ કરીને ગુજરાતમાં કચ્છ, સાબરકાંઠા, બનાસકાંઠા તથા રાજકોટમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે જ્યારે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ આગામી 17 મી એપ્રીલ સુધી ગરમીનું પ્રમાણ વધવાની શક્યતા છે જ્યારે 18 અને 19 એપ્રિલ દરમિયાન વાતાવરણમાં પરિવર્તન આવી શકે છે. મંગળવારે શહેરમાં મહત્તમ તાપમાનમાં 1 ડિગ્રી નો ઘટાડો જોવા મળ્યો હતો જેના કારણે મહત્તમ તાપમાન 39.8 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું જ્યારે લઘુત્તમ તાપમાનમાં 3.2 ડિગ્રી નો વધારો જોવા મળ્યો હતો જેના કારણે લઘુત્તમ તાપમાન 27.0ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે હવામાં ભેજનું પ્રમાણ વધતાં 23% રહેતા લોકોને બેચેની અને ઉકળાટ અનુભવાયો હતો.

ગરમીનું પ્રમાણ ફરી એકવાર ધીમે ધીમે વધી રહ્યું છે જેના કારણે દરિયા કાંઠાના વિસ્તારોમાં ભેજ સાથે ગરમ હોવાનું પ્રમાણ વધી શકે છે આ ભેજયુક્ત ગરમ પવનોને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં તેમજ રાજ્યના વાતાવરણમાં ભેજના કારણે બેચેની ઉકળાટનો અનુભવ થ ઈ શકે છે. આગામી 17 એપ્રિલ સુધી તાપમાનમાં વધારો જોવા મળી શકે છે ત્યારબાદ 18 અને 19 એપ્રિલ દરમિયાન ગરમીનો પ્રકોપ ઘટી શકે છે 20 એપ્રિલ બાદ ફરીથી ગરમીનો પારો ઉંચે જવાની શક્યતા છે.

વડોદરાના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે અરુણ મહેશ બાબુએ ચાર્જ સંભાળ્યો

દિલીપ રાણાની કમિશનર ઓફ હાયર એજ્યુકેશન તરીકે બદલી બાદ અરુણ મહેશ બાબુની નિમણૂક

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે અરુણ મહેશ બાબુએ આજે વિધિવત ચાર્જ સંભાળી લીધો છે. ઉત્તર ગુજરાત વીજ કંપનીના એમ.ડી. તરીકે સેવા આપ્યા બાદ હવે તેઓ વડોદરા શહેરના વિકાસ માટે જવાબદારીના નવા યાત્રામાં જોડાયા છે. અરુણ મહેશ બાબુના આવકાર માટે કોર્પોરેશનના ડે. મ્યુ. કમિશ્નર કેતન જોશી, સીટી એન્જિનિયર અલ્પેશ મજમુદાર, આરોગ્ય અધિકારી દેવેશ પટેલ અને ચીફ એકાઉન્ટન્ટ સંતોષ તિવારીએ હાજરી આપી હતી. ઉપરાંત અનેક અધિકારીઓ અને પદાધિકારીઓ પણ તેમના સ્વાગત માટે ઉપસ્થિત રહ્યા હતા.

હોદ્દો સંભાળ્યા પછી, તેમણે પત્રકારો સાથેની અનૌપચારિક ચર્ચામાં જણાવ્યું હતું કે પૂર્વ કમિશનર દિલીપ રાણાની મહેનતને આગળ વધારવામાં આવશે. ખાસ કરીને વિશ્વામિત્રી નદી પ્રોજેક્ટને મુખ્ય પ્રાથમિકતા આપવામાં આવશે અને આગામી ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યાને દૂર કરવા માટે યોગ્ય આયોજન કરાશે. અરુંણ મહેશ બાબુએ શહેરના વિકાસમાં નાગરિકોનો સહયોગ મહત્વપૂર્ણ હોવાનું જણાવી, પ્રજાની ભાગીદારી માટે પણ આગ્રહ વ્યક્ત કર્યો હતો.

તાજેતરમાં જ રાજ્ય સરકારે 16 આઈએએસ અધિકારીઓની બદલીના હુકમો આપ્યા છે. જેના ભાગરૂપે વડોદરાના મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાની બદલી ગાંધીનગર ખાતે કમિશનર ઓફ હાયર એજ્યુકેશન તરીકે કરવામાં આવી છે. તદુપરાંત, ડેપ્યુટી કમિશનર અર્પિત સાગરની બદલી મહીસાગર જિલ્લાના કલેક્ટર તરીકે થતા, તેમના સ્થાને ગુજરાત મેડિકલ સર્વિસ કોર્પોરેશનના એમ.ડી. ગંગા સિંગની નિમણૂક કરવામાં આવી છે.

સ્થાયી સમક્ષ 12 નવા વિકાસ કામોની દરખાસ્ત રજૂ

STP અને MPS કામ માટે રૂ.245 કરોડથી વધુ ખર્ચ કરવાની ભલામણ

ડ્રેનેજ, પાણી પુરવઠા, રોડ અને પાર્ક સહિત વિવિધ વિભાગોના કામો મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ રજુ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આગામી બેઠક તા. 19 એપ્રિલ, 2025ના રોજ સાંજે 4:30 કલાકે સમિતિ ખંડમાં યોજાનાર છે. આ બેઠકમાં શહેરના વિકાસ સાથે જોડાયેલા અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સના અભિપ્રાય અને મંજૂરી અંગે ચર્ચા કરવામાં આવશે. અત્યારસુધીની ભલામણો મુજબ, વરસાદી ગટર અને ડ્રેનેજ વ્યવસ્થાને સુધારવા માટે કુલ પાંચ કામો રજૂ થયા છે. વોર્ડ નં.11 અને વોર્ડ-4માં વરસાદી ગટર અને ડ્રેનેજ લાઈન નાંખવાના વિવિધ પ્રોજેક્ટ્સ માટે કરોડો રૂપિયાનું ખર્ચ મંજૂર થવાનો અંદાજ છે. ખાસ કરીને ગાજરાવાડી વિસ્તારમાં 130 MLD ક્ષમતા ધરાવતા STP અને MPS કામ માટે રૂ.245 કરોડથી વધુ ખર્ચ કરવાની ભલામણ કરવામાં આવી છે. પાણી પુરવઠા વિભાગના કામોમાં આજવા અને પ્રતાપપુરા સરોવરની સફાઈ અને ઉંડાણ માટે બાવળ-ઝાડીઓના નિકાલ તથા કોન્ટ્રાક્ટ આધારિત ઓપરેટરો અને મજૂરોની ભરતીનો સમાવેશ થાય છે. આજવા સરોવર ખાતેના પોન્ટૂન વોક-વેના રિપેરીંગ તથા પુનઃસ્થાપન માટે પણ રૂ.2.10 કરોડની ખર્ચની ભલામણ છે. ટૂરીઝમ વિભાગ હેઠળ માહેશ્વરી મહિલા મંડળને લાલબાગ અતિથિગૃહ પારિવારીક ગણગૌર મહોત્સવ માટે રાહત દરે ફાળવવાની ભલામણ પણ સમિતિ સમક્ષ રજૂ થશે.

એક્સપરિમેન્ટ માટે લઈ જવામાં આવતા હોવાનું પ્રાથમિક અનુમાન

રેલવે સ્ટેશન ઉપર શંકાસ્પદ સસલા અને સફેદ ઉંદરનું કંસાઈનમેન્ટ પકડાયું

સસલા અને સફેદ ઉંદર હાવડા એક્સપ્રેસ ટ્રેન મારફતે વડોદરા રેલવે સ્ટેશન પર લવાયા હતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરા રેલવે સ્ટેશનના પાર્સલ વિભાગ ખાતેથી ગુજરાત પ્રાણી ક્રૂરતા નિવારણ સંસ્થા દ્વારા વેસ્ટ બેંગોલથી મોકલવામાં આવેલું સફેદ ઉંદર અને સસલાઓને ભરેલું એક કંસાઈન્ટમેન્ટ પકડી પાડવામાં આવ્યું હતું. જેમાં કેટલાક જીવોનું મોત પણ થયું છે. ત્યારે, આ મામલે રેલવે પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથધરવામાં આવી છે.

ગુજરાત પ્રાણી ક્રૂરતા નિવારણ સંસ્થાના નેહબેને જણાવ્યું હતું કે, વેસ્ટ બેંગોલ થી આવ્યા છે અને ક્યાં જઈ રહ્યા છે તેની તપાસ કરવામાં આવી રહી છે. વડોદરા રેલવે સ્ટેશન ઉપર પ્લેટફોર્મની ઉપર ઉતાર્યા હતા. આખું કંસાઈમેન્ટ એટલે અમે રેલવે વિભાગને જાણ કરી અને જોયું તો ભયંકર ક્રૂરતા થઈ છે. કારણ કે ઘણી દૂર વેસ્ટ બેંગોલ થી આવ્યા છે. કોઈપણ નીતિ નિયમોનું પાલન થયું નથી અને ઘણા જીવો બચ્ચાની મોત પણ થઈ ગઈ છે. અમુક ગર્ભવતી જે માદા હોય તે આટલો લાંબો સફર કરી ન શકે. એટલે એ જીવોને કેવી રીતે એલાવ કર્યું કોણે એનઓસી આપી એ તપાસનો વિષય છે અને ગર્ભવતી જીવ હતાં તેમણે બચ્ચા આપી દીધા છે અને એ પોતે જ ખાઈ રહી છે કારણ કે અંદર ખાવાનું પણ નથી આની અંદર સસલા છે અને સફેદ ઉંદર છે. રેલવે પોલીસ અને જીએસપીસીએ સાથે મળીને આની તપાસ કરાશે. પ્રાણી ક્રૂરતા અધિનિયમન 1960 કલમ 11 ની અંતર્ગત આ ગુનો બને છે અને આ ગુના હેઠળ જે મૂળ માલિક હશે એની પર આ ગુનો દાખલ થશે. દંડ ભરવો પડશે અને બીજીવાર આવી રીતે કોઈ પણ રેલવેની અંદર આવી રીતે કંસાઈનમેન્ટ ન લાવે એની તપાસ ચલાવવામાં આવી રહી છે.